# 'તરુરાગમાં પ્રકૃતિ સૌંદર્ય'

ડૉ. અમીબેન સંજયકુમાર સોની
એમ.એ.,એમ.ફિલ.,સ્લેટ.,પીએચ.ડી.
મુલાકાતી વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ
શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ
શેઠ.સી.એન.કોમર્સ કૉલેજ, વિસનગર, ગુજરાત.

ગુજરાતી સાહિત્યમાં જયંત પાઠક અને ઉશનસ બંનેની સર્જન પ્રવૃત્તિ સમાંતરે ચાલે છે. બંનેના કાવ્યસંગ્રહો ૧૯૫૪-૫૫ના અરસામાં જ પ્રગટ થાય છે અને એ જ વખતે તો રાજેન્દ્ર-નિરંજનની જે કવિતા હતી તેનો ગુજરાતી સાહિત્ય પર વિશેષ પ્રભાવ હતો. એટલે બંનેનું સર્જન વિવેચકોને એક રીતે જોઇએ તો વિવેચકોના ધ્યાનમાં થોડુંક મોડું આવ્યું હતું. જયંત પાઠકના સાહિત્યમાં જો કાવ્યસર્જનની વાત કરીએ તો એ ઉશનસ જેટલું બહોળું નથી. તેમની પાસેથી 'મર્મર', 'સંકેત', વિસ્મય', 'સર્ગ', અંતરીક્ષ' તેમજ 'શૂળી ઉપર સેજ' જેવા કાવ્યસંગ્રહો મળે છે. જયંત પાઠકનું વતન પંચમહાલ જીલ્લાનું રાજગઢ. તેઓ પોતે સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં તથા ચુનીલાલ ગાંધી વિદ્યાભવનમાં પ્રાધ્યાપક હતા. વતનથી દૂર રહેવાનું થયું હોવાથી વતન પ્રત્યેનું તેમનું આકર્ષણ કંઇક ગાઢ રહ્યું છે. તેમની 'વનાંચલ' તથા 'તરુરાગ'માં વતનનો વિષાદ જોઇ શકાય છે. 'વનાંચલ'માં તેમણે પોતાના વતન તેમજ શૈશવની જે મધુરકથા કહી છે તે 'તરુરાગ'માં આગળ વધે છે.

'તરુરાગ' કૃતિ ૧૯૮૭માં પ્રગટ થઈ હતી. કૃતિના શીર્ષક પ્રમાણે જ તેમાં સાચે જ તરું-ઝાડ પ્રત્યે પ્રેમ વ્યક્ત થયેલો જોવા મળે છે. આ કૃતિમાં ૧૪ જેટલા વૃક્ષ વિષયક નિબંધો છે જેમાં પોતાનું કોઇને કોઇ સ્મરણ વૃક્ષ સાથે જોડાયેલું હોવાનું લેખકે દર્શાવ્યું છે. આ કૃતિના પ્રથમ નિબંધ 'વૃક્ષો'માં લેખકે વૃક્ષનો મહિમા ખૂબ શ્રધ્ધાપૂર્વક ગાયો છે. આપણા પ્રાચીન સમયની વાત કરીએ તો, ઋષિમુનિઓનાં તપોવનો, રામનો વનવાસ વગેરેનો ઉલ્લેખ આપણા પુરાણોમાં થયેલો જ છે. વૃક્ષ કેટલી બધી રીતે ઉપયોગી છે તેની વાત લેખકે કરી છે. લેખક લખે છે: "વૃક્ષો વગર માણસ જીવી ના શકે આ વિધાન જીવનના સ્થૂલરૂપ પરત્વે જેટલું સાચું છે તેટલું જ તેની સૂક્ષ્મ સત્તા માટે પણ સાચું છે. વૃક્ષો વરસાદ લાવે છે ને ધરતીને ફલવતી કરે છે. એ એનાં ફળ ફૂલ અને છાયાથી પોષણ, શોભા અને શાતા આપે છે. એના લાકડાના વિવિધ ઉપયોગથી આપણે રક્ષણ અને સગવડ પામીએ છીએ અરે હિન્દુઓ માટે તો એ મૃત્યુ વખતે ભડભડ બળીને દેહવિસર્જનનું સાધન બને છે." ('તરુરાગ', જયંત પાઠક, 'વૃક્ષો', પૃ.૧૩) આમ, વૃક્ષોની ઉપયોગિતા અને ઉપકાર માનવજાત પર અપાર છે. 'ઝાંપાના વડ' નામના નિબંધમાં લેખકે વડનું જે વૃક્ષ હોય છે તેના વિશે વાત કરેલી છે. તાડ અને બાવળ વચ્ચે આવીને એ વડ ઉગ્યો છે. તેની નીચેથી અનેક રસ્તાઓ જાય છે પરંતુ એ વડને તો ત્યાંથી ક્યાંય ખસવાનું નથી અને ત્યાં તેની જે વેદના છે તેને લેખક વ્યક્ત કરે છે. લેખકે આ વડ અને તેની જે બખોલમાં તેમાં એક ચૂડેલ રહેતી હતી એવી કાલ્પનિક વાતો સાંભળી છે અને તેનું ડરામણું દર્શન પણ તેમને થયું છે. લેખક પોતાનું વતન છોડ્યા પછી પોતાના એક મિત્રને 'ઝાંપાવાળા વડ' વિશે પૂછે છે ત્યારે 'એ તો ક્યારનોય' આટલું સાંભળતાં જ લેખકને આઘાત લાગે છે. તેમનું હૈયું જાણે કે ભીતરથી વલોવાઈ જાય છે.

લેખક એ વડની સાથે પીપળાનો મહિમા પલ્લીનો પીપળો મકાનમાં ગયો છે. પીપળાની ફરતે ચોતરો અને નજીકમાં કૂવો અને કૂવામાંથી પાણી ભરતી પનિહારીઓ અને નવરા જુવાનો આ એક આખું દ્રશ્ય છે તે ગ્રામ્ય સંસ્કૃતિને તાદ્રશ કરે છે. પાલ્લી ગામમાં આવીને વસેલા બાલ બ્રહ્મચારી રામપ્રકાશ અને તેમનાં વિધવા ભાભી બંનેનો વિચિત્ર સંસાર હતો. રામ પ્રકાશ તેમજ લેખકના દાદા ખાસ મિત્ર હોવાથી અવારનવાર એકબીજાને મળતાં હતા. પીપળાને પોતાનો પુત્ર ગણીને તેની જનોઇ કરીને આખા ગામને જમાડતો રામપ્રકાશ બાજુના કૂવામાં ગંગાજી પ્રગટ થયા હોવાનું કહીને પીપળા અને ગંગાજીનાં તે લગ્ન કરાવે છે. એક વૃક્ષ અને માનવી વચ્ચેનો જે ભેદ છે તેને લેખક અહીં દૂર કરતાં જણાય છે.

પોતાના જ વતન રાજગઢની નદીના કોતર પર ઉગેલા આંબલાને લેખક પોતે 'માલગુણનો આંબલો' કહી એની જે ખૂબીઓ છે તેનું વર્ણન પણ કરે છે. એ આંબલો લેખકના ઘરમાંથી દેખાતો હતો અને એ લેખકને દૂરથી ડુંગરની જેમ રળિયામણો લાગતો હતો. માલગુણના નષ્ટ થઇ ગયેલા એવા જંગલની છબી લેખકના ચિત્તમાં હયાત છે. બદલાતી ઋતુંઓ સાથે બદલતાં આંબલાના રૂપને લેખકે પોતે જોયું છે. આંબલાનું ઝાડ લેખકના ચિત્તમાં એટલે ઊંડે સુધી ઉતરી ગયું છે કે દાદા જ્યારે પણ વાત કરેને એ વૃક્ષની વાત આવે ત્યારે તરત લેખકને એ આંબલો યાદ આવતો હતો. આંબલા નીચે બળતા મૃતદેહોના હાડકાં ખાવા અનેક જંગલી જાનવરો ત્યાં આવતાં હતાં અને એવાં ભયાનક જાનવરોના છીંકોટા ખૂબ ડરામણું વાતાવરણ ઊભું કરતાં હતાં.

'બુધના લીમડા'નું સ્મરણ પણ લેખકને છે. બુધનો લીમડો બિલકુલ જેઠાકાકાના ઘરની સામે જ ઊભેલો. એ લીમડાની પાસે જ લેખક અને તેમના મિત્રો રમતા હતા. એકવાર એ લીમડાના થડની કીડીએ લેખકના હાથને ચટકો ભરીને લાલચોળ કરી નાખ્યો હતો. પરંતુ એ લીમડાનો જે લાલપીળા સફેદરંગની ઝાંયવાળો ગુંદર છે તે તેમની આંખોને મોહ પમાડતો. અહીં ફૂટેલા ગુમડા સમાન ભાસતો એ ગુંદરનો ઉપયોગ લેખક પતંગ બનાવવામાં કરતાં હતા અને વૃક્ષની આ પણ એક ઉપયોગિતાને તેઓ અહીં રજૂ કરે છે. લીમડાની જે મંજરીની મહેક હોય છે તે લેખકના શરીરને-મનને ઉન્મત કરી મૂકે છે. ક્યારેય ભૂલમાં લીંબોળીને રાયણ સમજીને તેઓ ચાવી પણ ગયા હતા. વરસાદની ઋતુંમાં એક અલગ જ પ્રકારનું લીમડાનું રૂપ ખીલતું હતું અને તેની નીચે લેખક અને તેમના મિત્રો ભમરડા ફેરવતા હતા આ બધુ પણ લેખકના સ્મરણો સાથે જોડાયેલું છે.

માલગુણના આંબલા પછી વડાની જે આંબલી હતી તેની પ્રકૃતિલીલાને લેખકે સુંદર રીતે વર્ણવી છે. લેખકના વાડામાં ઘટાદાર આંબલીનું ઝાડ હતું જેના ઉપર નાના કૂણા ખાટા કાતરા ખૂબ આવતાં હતા અન તેઓ એની ઉપર મીઠું ભભરાવીને ખાતા હતા. આંબલીની એ ડાળીએ લેખક હીંચકા બાંધીને પોતાના ભાઇ-બહેન સાથે હિચ્યા છે અને સાથે ઘણા લડાઇ ઝગડા પણ કર્યા છે. આંબલીની પાસે આવેલા એક જાળામાં સુવર અને શિયાળ જેવા પ્રાણીઓ પડ્યાં રહેતાં હતાં. ક્યારેક ત્યાં રાની બિલાડા અને સાપ જોવા મળતાં હતાં. આંબલી પર ગળોના વેલા ચડતા. લેખકના બનેવી એ ગળોમાંથી ઔષધિ બનાવી રોગીઓને આપતા હતા. આમ, વૃક્ષનો ઔષધિ તરીકે પણ ઉપયોગ થતો હતો તેનું વર્ણન લેખકે કર્યું હતું. ઉનાળાની રાત્રે વાડામાં પાથરેલા ખાટલામાં પડ્યા પડ્યા આંબલીને જોવાનો આનંદ લેખકે લીધો છે. આંબલીની ઘટામાં સંતાઈને બોલતાં ઘુવડને લેખકે સાંભળ્યો છે. લક્કડખોદ અને બીજા પંખીઓની ઓળખ પણ લેખકને નાનપણથી જ થઈ હતી. શહેરની સંસ્કૃતિ પર કટાક્ષ કરતાં લેખક કહે છે કે શહેરમાં તો સવારમાં જગાડનારા માત્ર કાગડાઓ જ હોય છે.

શીમળાના ઝાડની વિશેષતા અને છટા લેખકે 'એકલવાયો શીમળો'માં કરી છે. આ ઊંચા અને  શરીરે ટટ્ટાર ઝાડને આખા થડને કાંટા છે, તેની ડાળીઓ ભારેખમ તેમજ કહીએ તો કોઈ મોભાદાર માણસ હોય એવી દેખાય છે. બીજી તરફ શુષ્ક લાગતો શીમળો ફૂલ આવતાં જ જાણે કે તે પરણવા તૈયાર થયેલો વરરાજા હોય એવો લાગે છે. શીમળાનું રૂ એ કપાસના રૂ કરતાં પણ સારું દેખાય છે. શીમળાને લેખક કોઈ સંગસંબંધ વગરનો એકલવાયો ગણાવે છે. ગામ આખું ઉજ્જડ થઈ ગયું હોવા છતાં પણ શીમળો તો ત્યાં જ ઊભો રહેલો છે. લેખક જે નગરમાં રહે છે ત્યાં તેઓ શીમળાના વૃક્ષની સુગંધને પણ માણે છે, એના ઉડતા રૂ ને જુએ છે અને એનું જે એકલવાયું જીવન છે તેના ડૂસકાં પણ સાંભળે છે.

આ સંગ્રહનો સારો કહી શકીએ એવો એક નિબંધ છે જેનું નામ છે 'જીરાકોઠી'. લેખકનું જે વતન છે તેના સીમવગડે કોઠીનું એક ઝાડ છે જેની ડાળીઓનો રંગ કાળો છે અને એનાં ફૂલ સફેદ છે. કોઠીનાં ફળ કાચાં અને પાકાં એમ બંને રીતે ખાઇ શકાય છે. જીરાકોઠીની શોધ તો લેખક અને તેમના મિત્રો એ કરી હતી. સમય જતાં માલગુણના જે વૃક્ષો હતા તે કાપી ગયા હતા. કોતરો પૂરાઇ ગયા અને ત્યાં પાકી સડકો બની ગઇ. એટલે એવું કહી શકાય કે આધુનિકતાની જે જે ગરમ હવા છે તે સ્વર્ગ સુધી ફેલાઇ ગઇ અને નીરવતાનું જાણે કે બાષ્પીભવન જ થઇ ગયું છે. કપાયેલા વૃક્ષોના લીધે લેખક પોતે અનુભવે છે કે તેમના જીવનમાંથી એ વગડો, જીરાકોઠી બધું ગયું અને તેનો ભારોભાર વસવસો તેમને છે.

લેખકનું એક ખેતર કે જેની વચ્ચોવચ નાથાડોસાનો એક આંબો ઉભેલો. એના જેટલું ઘટાદાર વૃક્ષ લેખકે બીજું કોઈ જ જોયું નહોતું. આંબા નીચે તૂટેલી ખાટલી અને આંબાના ઝાડમાં મૂકેલો હુક્કો એ  નાથાડોસાનું હતું. તેઓ તેને સાચવતા હતા. ફાગણ-ચૈત્રમાં આંબાને મોર આવે અને આંબો મહોરી ઉઠે. મોર ખરી ગયા પછી તેના પર નાની કેરીઓ બેસે. નાની કેરીનો એ ખાતો-તૂરો સ્વાદ પણ લેખકે ચાખ્યો છે. એ કેરીઓ મોટી થયા બાદ નાથાકાકાની નજર છૂપાવીને એ કેરીઓ ચોરી શકાતી નહી. તેઓ કેરીઓની પાકી ગણતરી મનમાં રાખતા હતાં. આંબે થી શાખ પાડ્યા પછી એ અંબાની કેરીઓને ઘાસમાં મૂકતાં અને પછી તેને પકવવામાં આવતી એ યાદ પણ લેખકના ચિત્તમાં હજી છે જ.

લેખકનું વતન પંચમહાલ જીલ્લાનું ગામ છે. ત્યાંની જે જગ્યા છે ત્યાં ઘણા બધા તાડના ઝાડ ઉગે છે. લેખકે એવા જ એક તાડના ઝાડની નોંધ લીધી છે. 'પસાયતાનો તાડ' એ નિબંધમાં તેની વાત છે. બ્રાહ્મણથી તાડને અડાય નહીં એવી માન્યતા હોવાના કારણે તેના પર ચઢી તો શકાય એમ નહોતું કારણકે તાડને રાક્ષસનો વંશવેલો ગણવામાં આવતો હતો. ઉનાળાના ઉગ્ર તાપમાં તાડના જેવો સોમ કુશળ ધારિયું લઇને નીકળી પડતો અને તેની ડાળીઓ કાપીને તેની ઢોંચકી બાંધી દેતો હતો. રાત્રે તેમાં તાડનો રસ ભેગો થાય. ઉનાળાની રાત્રિમાં એ તાડી પીને સૂઈ જતો હતો. આમ, તાડના વૃક્ષ સાથે પણ લેખકનાં કેટલાંય સ્મરણો જોડાયેલાં છે.

લેખકના વતનપ્રદેશમાં કઢાઈનું ઝાડ પણ છે. એ સફેદ રંગનું તોતિંગ ઝાડ હતું. લેખક લખે છે: "એક નાનકડી પથરાળ કોતેડી ઉપર એ જંગી ઝાડ આદિવાસી કાળી ગોરજની વચ્ચે ગૌર આર્યજનની જેમ શાખાઓ કાપી હાથ ઊંચા કરીને જાણે વેદની કોઇ ઋચા ઉદ્‌ગારતા ઋષિની જેમ ઊભું હતું." ('તરુરાગ',જયંત પાઠક,'નામાંકિત કઢાઈ',પૃ.૫૦) આ ઝાડના ગુંદરનો

ઉપયોગ લેખક પતંગો બનાવવા માટે કરતા હતા અને એ ઝાડની છાલ ઉપર પોતાનું નામ પણ લખતા હતા તો ક્યારેક વળી તેમના સગા સંબંધીઓના નામ પણ ઝાડ પર લખતા હતા. શિવરાત્રી અને ગોકળ આઠમના મેળામાં લોકોની ભીડ આ કઢાઈના ઝાડ સુધી જમતી હતી. પરંતુ, સ્વરાજ આવ્યા પછી એ બધા જ વૃક્ષો કપાઈ જાય છે. એ જંગલમાં જીવન ગુજારતા આદિવાસીઓનું શું થતું હશે ? ત્યાં પણ લેખક પોતાના વિચારો રજૂ કરે છે અને સંપત્તિની લૂંટાલૂટ કરતા એ આદિવાસી જીવનની વાત રજૂ કરે છે. લેખક વૃક્ષોની ડાળીઓ પરથી કૂદકા મારતા, પાણીમાં તરતા વગેરે બાબતો યાદ કરે છે અને ત્યારે ઝાડ ધીમેધીમે નાશ પામવા લાગ્યાં તેની ચર્ચા કરે છે.

'તરુરાગ' નિબંધ સંગ્રહમાં લેખક પાલ્લીના પીપળા પછી માતાના પીપળા વિશે તેઓ લખે છે. પીપળાનું એ જંગી ઝાડ જેની આગળ તાડનું ઝાડ પણ વામન લાગે. તોતિંગ પીપળાના ઝાડ નીચે અસ્પષ્ટ આકારવાળો પથ્થર હતો જે શત્રુહરણી માતા તરીકે ઓળખાતો. પીપળાની નીચે અનેક માટલીઓ, ઘડો અને કોડિયાં મૂકાયેલાં હતાં. વારતહેવારે ગામલોકો ત્યાં આવીને હવન, પૂજા-પાઠ કરાવે છે. શત્રુહરણી માતાની એક ધાર્મિક વાત જે છે તે પણ લેખકે નોંધી હતી. તેમના દાદા ડુંગરા પરથી આ માતાને નીચે લાવ્યા હતા. દૂરથી જુએ તો એ પીપળો ઘણો રળિયામણો લાગતો હતો. પવનના સપાટા સાથે એની ડાળીઓ પણ હળવા લાગતી. એ પીપળો એટલો મોટો હતો કે જ્યારે એ પડી ગયો ત્યારે અવરજવરનો જે રસ્તો હતો એ કેટલાંય દિવસો સુધી બંધ થઇ ગયો હતો. એની જે તોતીંગ કાયા હતી એને કાપીને ઠેકાણે પડતા ઘણો સમય લાગ્યો હતો. આમ, બધું જ કહ્યા પછી આ નિબંધના અંતે લેખક જણાવે છે કે: "કદાચ આ પૃથ્વી પર વૃક્ષથી સુંદર બીજું કશું ભાગ્યે જ હશે.": ('તરુરાગ', જયંત પાઠક, 'માતાનો પીપળો', પૃ.૬૧)

લેખક પોતાના વતનમાં જે જીવે છે એની જે આખી સૃષ્ટિ છે તેને તેઓ પોતાના સ્વપ્નમાં જુએ છે તેની વાત 'સ્વપ્નતરું' નામના નિબંધમાં થયેલી છે. એ સ્વપ્નતરુંને લેખક પોતે ઈચ્છે ત્યારે જોઈ શકતા નથી પરંતુ જ્યારે સ્વપ્નતરુંને ઈચ્છા થાય ત્યારે લેખકને તેનું સ્વપ્ન ચોક્કસ આવે છે. કપાઈ ગયેલા એ સ્વપ્નતરુંએ લેખક અનેક જગ્યાએ જુવે છે.

આમ, 'તરુરાગ'ના જે તરું વિષયક નિબંધો છે તે ગુજરાતી સાહિત્યમાં એક નોખી ભાત પાડે છે એમ કહેવાય. આમ તો ગુજરાતી સાહિત્યના સિદ્ધહસ્ત નિબંધકારો એ પ્રકૃતિદર્શન કરતાં, ઝાડ, વનરાજી વગેરેને લગતા ઘણા નિબંધો આપ્યા જ છે પરંતુ અહીં તો લેખકે ઝાડની સાથે પોતાનું કોઈ સ્મરણ મૂકીને તેની વિશિષ્ટ એવી ઓળખ આપી છે. વૃક્ષોનો દિવસે-દિવસે થઇ રહેલો નાશ એ ધરતી માટે ખૂબ વિનાશક સ્થિતિની પૂર્વભૂમિકા છે એવું કહી શકાય અને પરિણામે વૃક્ષોને બચાવવાના સરકારશ્રીના પ્રયાસોમાં પણ વૃક્ષોનો મહિમા આંકી શકાય છે. આમ, ગુજરાતી સાહિત્યમાં વૃક્ષોને લગતા નિબંધ આપનાર જયંત પાઠકનું નિબંધક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કહેવાય.

**સંદર્ભ:**

**I.** જયંત પાઠક, 'તરુરાગ', પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, બીજી આવૃત્તિ, ૨૦૦૪.